જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૩/૦૯/૨૦૨૧ શુક્રવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૬૦૫/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૨/૦૯/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૬૩૭	૦	૧૧૬૩૭	૧૭૭૪૮	૦	૧૭૭૪૮
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૩૨	૦	૪૭૩૨	૬૨૬૮	૦	૬૨૬૮
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૧૦૮	૦	૧૦૮	૩૭૪	૦	૩૭૪
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૬૯૭૯૭	૧૩૮	૬૯૯૩૫	૭૦૭૪૩	૧૪૨	૭૦૮૮૫
કુલ		૮૬૨૭૪	૧૩૮	૮૬૪૧૨	૯૫૧૩૩	૧૪૨	૯૫૨૭૫

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૬૫	૪,૪૭,૮૫૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૧૨૭૬	૧૨,૭૬,૦૦૦/-

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૬૦૬/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૫ કેસ કરી, ૨૫ વ્યક્તિઓને ઝડપી, ૭૪ લીટર દેશી દારૂ અને ૧ બોટલ ઇંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગારધારા હેઠળ ૩ કેસ કરી, ૧૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪૦,૪૫૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૬૦૭/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૭૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

છેતરપીંડીની ફરીયાદઃ- **સમાચાર યાદી નં.૧૬૦૮/૨૦૨૧**

બાપુનગરઃ (૧) શાહીલ રાજેશભાઇ ધોળકીયા (ઉ.વ.૨૧) (રહે. ઉમંગ ફ્લેટ બાપુનગર) એ તા.૦૨/૦૯/૨૦૨૧ ના રોજ બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે શાહીલ ધોળકીયાએ તા.૨૪/૦૩/૨૦૨૧ ના રોજ મોબાઇલ ઇંસ્ટાગ્રામ એપ્લીકેશન પેજ ઉપર ઉપર FASHCHIC-15 વેબસાઇટ પરથી ઓન લાઈન ટી-શર્ટ ખરીદી કરી હતી. જેની ડીલીવરી નહી મળતા ખરીદી સમયે ચુકવેલ રૂપિયા ૭૫૦/- રીફંડ મેળવવા સારૂ શાહીલ ધોળકીયાએ fashcihic 15.com વેબસાઇટ ઉપર કસ્ટમર કેરમાં સંપર્ક કરતા કસ્ટમર કેરના કર્મચારીએ ખરીદેલ ટી-શર્ટના રિફંડ માટે પ્રોસેસ કરવાનુ જણાવી અલગ-અલગ ટ્રાન્ઝેકશન કરાવી કુલ રૂપિયા ૭૨,૭૨૭/- મેળવી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એ.પી.ગઢવી ચલાવે છે.

બાપુનગરઃ (૨) અક્ષય કિરણભાઇ ઠાકર (ઉ.વ.૨૮) (રહે. કૃષ્ણ એપાર્ટમેન્ટ હિંગળાજમાતાના મંદિર પાસે ઇન્ડિયા કોલોની રોડ બાપુનગર) એ તા.૦૨/૦૯/૨૦૨૧ ના રોજ બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩૦/૦૭/૨૦૨૦ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી મિતેશકુમાર રાજેન્દ્રભાઇ પટેલ (રહે. આશ્રય બંગ્લોઝ પાટા તળાવડી પાસે વધાશી રોડ આણંદ) એ અક્ષય ઠાકરને કેનેડા માટે વર્ક પરમિટ વિઝા અપાવવાની વાત કરી પ્રોસેસ માટે ૫૦% પેમેન્ટ એડવાંસ આપવા પડશે તેમ કહી રૂપિયા ૩,૫૦,૦૦૦ /- મેળવી લઈ વિઝા નહી આપાવી તેમજ આપેલ નાણા પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એ.પી.ગઢવી ચલાવે છે.

ઘરફોડઃ- **સમાચાર યાદી નં.૧૬૦૯/૨૦૨૧**

રામોલઃ બાબુભાઈ પ્રહલાદભાઈ પટેલ (રહે. હંસપુરા રેસીડેન્સી દહેગામ રોડ નરોડા) એ તા.૦૨/૦૯/૨૦૨૧ ના રોજ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩૧/૦૮/૨૦૨૧ રાતના ૯/૦૦ થી તા.૦૧/૦૯/૨૦૨૧ કલાક ૮/૦૦ વાગ્યા દરમ્યાન રામોલ વસ્ત્રાલ આર.એફ.કેમ્પ પાછળ જલધારા ફાઉન્ડ્રી નામના કારખાનામાં પાછળના ભાગે જમીનમાં ખોદી બખોલુ બનાવી અજાણી વ્યક્તિ કારખાનામાં પ્રવેશ કરી મોલ્ડીંગ બોક્ષ ઉપર મુકવાના લોખંડના વજનીયા નંગ-૫૦ કિમત રૂપિયા ૯૮,૦૦૦/-અને સીલીકોન ૭૦ કીલો કિમત રૂપિયા ૧૦,૫૦૦/- મળી કુલ કિમત રૂપિયા ૧,૦૮,૫૦૦/- ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.આર.ભાટી ચલાવે છે.

વટવા જીઆઈડીસીઃ સુમિત દીપલેન્દ્રપ્રસાદ પટેલ (રહે. સાગર ટેનામેન્ટ અંબેમાતા મંદીર પાસે વિઝોલ રોડ વટવા) એ તા.૦૨/૦૯/૨૦૨૧ ના રોજ વટવા જીઆઈડીસી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૨/૦૮/૨૧ રાતના ૮/૦૦ થી તા.૧૩/૦૮/૨૦૨૧ કલાક ૮/૦૦ વાગ્યા દરમ્યાન જીઆઈડીસી વટવા ફેઝ-૪ પ્લોટ નં-એ/૧૭ રામદેવ એસ્ટેટ સુમિત હાઈડ્રોલીક મશીનરી નામના કારખાનામાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી વેલ્ડિંગ મશીનના કુલ ચાર કોપર કેબલ ૭૦ મીટર કિમત રૂપિયા ૨૮,૦૦૦/-, ઓફિસના દરવાજાનુ તાળુ તોડી ઓફિસમાંથી એલ.ઈ.ડી.ટી.વી કિમત રૂપિયા ૧૦,૦૦૦/- અને ટેબલના ડ્રોઅરમાંથી રોકડ રૂપિયા ૨૮૦૦/- મળી કુલ રૂપિયા ૪૦,૮૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી સી.એમ.રાઠોડ ચલાવે છે.

ટ્રેઈનની અડફેટે આવી જતા મૃત્યુઃ- **સમાચાર યાદી નં.૧૬૧૦/૨૦૨૧**

સાબરમતીઃ ઉમંગભાઈ નટુભાઈ વાઘેલા (ઉ.વ.૨૨) (રહે. ગુરૂદ્વારા પાછળ કાચા છાપરામાં ન્યુ રેલ્વે કોલોની જવાહરચોક સાબરમતી) તા.૦૨/૦૯/૨૦૨૧ કલાક ૮/૦૦ વાગ્યા પહેલા સાબરમતી રેલ્વે સ્ટેશનથી ડી-કેબીન ક્રોસ રોડ વચ્ચે રેલ્વે દવાખાના પાસે રેલ્વે ઇલેક્ટ્રીક પોલ નંબર-૭૭૮/૫ થી ૭૭૮/૬ વચ્ચે ટ્રેઈનની અડફેટે આવી જતા તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ઉપેન્દ્રસિંહ વિજયસિંહ ચલાવે છે.

ત્રીજા માળથી પડી જતા મૃત્યુઃ- **સમાચાર યાદી નં.૧૬૧૧/૨૦૨૧**

નારોલઃ નારોલ પીપળજ પીરાણા રોડ વી.આર.ટેક્ષટાઈલની બાજુમાં ડીકે મીલ કંપાઉન્ડ ખાતે કામ કરતા અને ત્યા જ રહેતા દેવાભાઈ ઉર્ફે દેવીલાલ પ્રેમાજી મિણા (ઉ.વ.૩૨) (મુળ વતન ગામ-કગરા પીપળી ફળીયુ તા-સલુમર જી-ઉદયપુર રાજસ્થાન) ડીકે મીલ કંપાઉન્ડ ખાતે ત્રીજા માળે સુતા હતા ત્યારે તા.૩૦/૦૮/૨૦૨૧ રાતના ૧/૩૦ વાગ્યાના સુમારે ત્રીજા માળથી પડી જતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેમને સિવીલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ગેલાભાઇ ભોપાભાઇ ચલાવે છે.

અપમૃત્યુ:- **સમાચાર યાદી નં.૧૬૧૨/૨૦૨૧**

વાડજ: નવા વાડજ ભીમજીપુરા સ્પંદન ઈમરજન્સી એન્ડ ક્રીટીકલ હોસ્પીટલ ખાતે નોકરી કરતા નીતેશ દેવીદાસ વૈરાગી (ઉ.વ.૨૪) (રહે. ઉધ્ધવનગરનો ટેકરો ગુરૂદ્વારાની બાજુમા જુના વાડજ) તા.૦૨/૦૯/૨૦૨૧ કલાક ૯/૩૦ વાગ્યાના સુમારે હોસ્પીટલમા ચોથા માળે સ્ટાફના સંડાસમા બે ભાન હાલતમા મળી આવતા સારવાર દરમ્યાન કલાક ૧૧/૦૦ વાગે નીતેશનુ મૃત્યુ નિપજયું હતુ. નીતેશનુ મોત સંડાસમા પડી જવાથી અથવા કોઈ બીમારીને કારણે થયેલ હોવાનુ જાણવા મળેલ હતુ. આ અંગે વાડજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મુકેશભાઇ પોપટભાઇ ચલાવે છે.

અમરાઇવાડી: અમરાઇવાડી યુનિયન એસ્ટેટ ગેટ નંબર-૪ સામે બાલા હનુમાન મંદીરની બાજુમાં શીવાનંદનગર ખાતે રહેતા જગદિશભાઇ રાજપતી ચૌહાણ નાઓનો દસ વર્ષનો પુત્ર સાગર તા.૦૧/૦૮/૨૦૨૧ રાતના ૮/૦૦ વાગ્યાના સુમારે રહેણાંકના ધાબા ઉપર પીરામીડ પર ચડી રમતા-રમતા કપડા સુકવવાની રસ્સી ખેચવા જતા રસ્સી ગળામાં આવી જતા નીચે પડતા ગંભીર ઈજાઓ થતા તેનુ મૃત્યુ નિપજયું હતુ. આ અંગે અમરાઇવાડી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મુકેશભાઇ જીવણભાઇ ચલાવે છે.

આત્મહત્યા:- **સમાચાર યાદી નં.૧૬૧૩/૨૦૨૧**

સોલા હાઈકોર્ટ: ઉમેશ ઉર્ફે કરણ ઉર્ફે કરુ સ/ઓ શ્રીપાલ જાટવ (ઉ.વ.૨૯) (રહે. ચામુંડાનગર સેક્ટર-૪ ચાણક્યપુરી) એ અગમ્ય કારણસર તા.૦૨/૦૯/૨૦૨૧ કલાક ૧૨/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે છતના હુકમાં રસી બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે સોલા હાઈકોર્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રણવિરસિહ વજેસિહ ચલાવે છે.

ચાંદખેડા: શ્રવણકુમાર અભુજી ઠાકોર (ઉ.વ.૩૬) (રહે. ડાહ્યાલાલની ચાલી સાબરમતી કોલેજ સામે રામનગર સાબરમતી) એ બિમારીથી કંટાળી તા.૦૨/૦૯/૨૦૨૧ સવારના ૫/૩૦ થી ૮/૪૦ વાગ્યા દરમ્યાન એસ.એમ.એસ.હોસ્પિટલના મેઈન બિલ્ડીંગના પાંચમા માળે આવેલ મેડીસીન વોર્ડની પાછળ બારીમાંથી પડતુ મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી અમૃતજી કાંતીજી ચલાવે છે.

આનંદનગર: શિખર ટાવર રેડીયો મિર્ચી રોડ શિખર ટાવર ગ્રાઉન્ડ ફલોર ખાતે નોકરી કરતા વિકાસ લક્ષ્મણભાઈ રાપકવાલ (ઉ.વ.૨૩) (રહે.શિવનગર સોસાયટી જીવરાજ પાર્ક વેજલપુર) એ અગમ્ય કારણસર તા.૦૧/૦૯/૨૦૨૧ રાતના ૮/૦૦ થી તા.૦૨/૦૯/૨૦૨૧ કલાક ૯/૩૦ વાગ્યા દરમ્યાન શિખર ટાવર ઓફીસ ખાતે છતના હુકમાં દોરી બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે આનંદનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ઉપેન્દ્રભાઈ અમથાભાઈ ચલાવે છે.

એલીસબ્રીજઃ રસીકભાઇ કાળીદાસ ચાવડા (ઉ.વ.૩૫) (રહે. ડો.આંબેડકર કોલોની આંબાવાડી) એ અગમ્ય કારણસર તા.૦૧/૦૯/૨૦૨૧ રાતના ૯/૧૫ વાગ્યા પહેલા પોતાના ઘરે છતના હુકમાં સાડી બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે એલીસબ્રીજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી રજાકભાઇ ભીખાભાઇ ચલાવે છે.

રામોલઃ મુકેશભાઇ ઉતમભાઇ કોષ્ટી (ઉ.વ.૪૮) (રહે.ચંદ્રવિહાર સોસાયટી સુરેલીયા રોડ રામોલ) એ બિમારીથી કંટાળી તા.૦૧/૦૯/૨૦૨૧ રાતના ૯/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે છતના હુકમાં નાયલોનની પટ્ટી બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી મણીલાલ ચંદુભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી